| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૭/૦૫/૨૦૨૬ | | |
| રજીસ્ટર તારીખ | ૨૭/૦૫/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૧૬/૦૫/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૨૦ |

**<u>રાજકોટના મહે. સ્પે. (પોકસો) જજ અને એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામઃ રાજકોટ.</u>**

<u>ફોજદારી પરચુરણ અરજી નંબરઃ ૧૭૧૧/૨૦૨૬</u>.
આંકઃ ૦૮

**<u>અરજદાર.</u>**

**શેફાતારા રાહુલભાઇ,**
ઉ.વ.આ.૨૫, ધંધો : વેપાર/નોકરી,
રહે. મુ.ભડલી, તા.વિંછીયા, જી.રાજકોટ.

**–// વિરૂધ્ધ //–**

**<u>સામાવાળા</u>**

**૧. શ્રી સરકાર.**
**૨. મુળ ફરીયાદી**

**બાબત: <u>મુદ્દામાલ પરત મેળવવા અરજ</u>.**

––––––––––––––––––––––––––––––––––––––

**અરજદાર તરફે :– વિધ્વાન વકીલ શ્રી યુ.પી.ચાંવ.**
**સામાવાળા તરફે :– વિધ્વાન એ.પી.પી. શ્રી બી.એ.રવેશીયા.**

––––––––––––––––––––––––––––––––––––––

**<u>– ચુ કા દો –</u>**

૧. અરજીની ટુંકમા હકીકત એવી છે કે, જસદણ પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબરઃ ૧૧૨૧૩૦૨૧૨૬૦૩૫૨/૨૦૨૬, બી.એન.એસ. કલમ–૧૩૭(૨), ૭૫(૨) તથા પોક્સો એક્ટની કલમ–૮,૧૮ મુજબનો ગુનો નોંધાયેલ અને તે ગુનાના કામે તપાસ કરનાર અમલદારે અરજદારની માલિકીની મારુતી સુઝુકી કંપનીની બ્રેઝા ગાડી જેના રજીસ્ટ્રેશન નંબરઃ જીજે–૧૫–સી.એન.–૫૩૩૦ આરોપી પાસેથી પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ હોય જે હાલના અરજદારે પરત મેળવવા અરજી કરેલ છે.

૨. અરજી રજુ થતા સામાવાળાને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ જે નોટીસની બજવણી થઈ ગયેલ છે. સામાવાળા સરકારશ્રી તરફે વિ.એ.પી.પી. શ્રી હાજર થયેલ છે જેઓ દ્બારા તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું/અભિપ્રાય રજુ કરેલ છે.

3. અરજદાર તરફે મુખ્યત્વે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે ઉપરોક્ત જણાવ્યા મુજબની વિગતેનો ગુન્હો નોંધાયેલ છે અને તે ગુન્હાના કામે આરોપી પાસેથી તપાસ દરમ્યાન કબ્જે કરવામાં આવેલ મુદામાલનુ વાહન અરજદારની માલિકીનુ છે અને અરજદારે વાહનની આર.સી. બુકની નકલ રજુ રાખેલ છે તે મુજબ અરજદાર મુદામાલ વાહનના રજીસ્ટર્ડ ઓનર છે. વધુમાં મુદામાલ વાહન અરજદારને રોજીંદા વપરાશ માટે ઉપયોગી અને જીવન જરૂરીયાતનુ સાધન છે જેથી મુદામાલ અરજદારને પરત આપવામાં ન આવે તો અરજદારને મુશ્કેલીનો સામનો કરવો પડે તેમ છે અને મુદ્દામાલ વાહન પોલીસ સ્ટેશનમાં બીનઉપયોગી પડી રહે તો ખરાબ થઈ જાય તેમ હોય તેમજ સદર મુદ્દામાલ વાહન મેળવવા અરજદાર

સિવાય અન્ય કોઈ વ્યક્તિઓએ ક્લેઈમ કરેલ નથી અને નામ. કોર્ટ જે કાંઈ શરતો ફરમાવશે તેનું અરજદાર ચુસ્તપણે પાલન કરશે તેની ખાતરી આપતા હોય, જેથી અરજદારની હાલની અરજી મંજુર કરવા ભારપુર્વક વિનંતી કરેલ છે.

૪. સામાવાળા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી દ્વારા રજુઆત કરેલ છે કે, આ કામે આરોપી વિરુદ્ધ ઉપરોક્ત જણાવ્યા મુજબની વિગતેનો ગુન્હો નોંધાયેલ છે અને તે ગુન્હાના કામે આરોપી પાસેથી તપાસ દરમ્યાન મુદામાલ તરીકે અરજદારની માલિકીની મારુતી સુઝુકી કંપનીની બ્રેઝા ગાડી મુદામાલ તરીકે કબ્જે કરવામાં આવેલ છે જે અરજદારે પરત માંગેલ છે પરંતુ આરોપી દ્વારા સદરહુ મુદામાલ વાહનનો ગુન્હાના કામે ઉપયોગ કરેલ હોય જેથી સદરહુ મુદામાલ વાહન જો અરજદારને પરત આપવામાં આવશે તો, તેનો આવા પ્રકારના ગુનામાં ઉપયોગ થવાની શક્યતા રહેલી હોવાથી તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય થતો ન હોવાનું જણાવી હાલની અરજી નામંજુર કરવા ભારપૂર્વક વિનંતી કરેલ છે.

૫. આ કામે પક્ષકારો તરફેની રજુઆત તથા અરજી સાથે રજુ થયેલ રેકર્ડ તથા પોલીસ અભિપ્રાય ધ્યાને લેતા સ્પષ્ટ થાય છે કે, આ કામે આરોપી વિરુદ્ધ ઉપરોક્ત જણાવ્યા મુજબની વિગતેનો ગુન્હો નોંધાયેલ છે અને તે ગુન્હાના કામે આરોપી પાસેથી તપાસ દરમ્યાન મુદામાલ તરીકે અરજદારની માલિકીની મારુતી સુઝુકી કંપનીની બ્રેઝા ગાડી પંચનામાંની વિગતે કબ્જે કરવામાં આવેલ છે જે પરત મેળવવા અરજદારે હાલની અરજી દાખલ કરેલ છે. વધુમાં આ કામે રજુ રાખવામાં આવેલ મુદામાલ વાહનની આર.સી. બુકની નકલ વંચાણે લેતા અરજદાર મુદામાલ વાહનના માલીક હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાય છે અને આ કામે અન્ય કોઇ વ્યક્તિઓ દ્વારા

સદરહુ મુદામાલ વાહન અંગે કોઈ કલેઈમ કરવામાં આવેલ નથી. વધુમાં મુદ્ધામાલ વાહન જો બિન ઉપયોગી હાલતમાં પોલીસ સ્ટેશનમાં પડી રહે તો ખરાબ થઈ જવાની શક્યતા રહેલી છે તે સંજોગોમાં નામ. સુપ્રીમકોર્ટના સુંદરભાઈ અંબાલાલ દેસાઈ, સ્પે. લીવ પીટીશન (ક્રીમીનલ) નંબરઃ ૨૭૪૫/૨૦૦૨ ના ચુકાદામાં કરેલ અવલોકનો ધ્યાને લેતા તેમજ ઉપરોક્ત સમગ્ર હકીકતો અને રજુઆતો ધ્યાને લેતા મુદ્ધામાલ વાહન અરજદાર/મુળ માલીકને શરતોને આધિન પરત સોંપવાનું ન્યાયોચિત જણાઈ આવતુ હોય ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

**૧.** અરજદારની હાલની આ અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

**૨.** બી.એન.એસ.એસ.ની કલમ ૪૯૭ અન્વયે જસદણ પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબરઃ ૧૧૨૧૩૦૨૧૨૬૦૩૫૨/૨૦૨૬, બી.એન.એસ. કલમ-૧૩૭(૨), ૭૫(૨) તથા પોક્સો એક્ટની કલમ-૮,૧૮ અન્વયેના ગુનાના કામે પોલીસે કબજે કરેલ મુદામાલ વાહન મારુતી સુઝુકી કંપનીની બ્રેઝા ગાડી જેના રજીસ્ટ્રેશન નંબરઃ જીજે-૧૫-સી.એન.-૫૩૩૦ ની દોઢી રકમના જાત જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો અરજદારે સંબંધિત પોલીસ સ્ટેશનમા રજુ કર્યેથી આ કેસના આખરી નિકાલ થતા સુધી નીચેની શરતોને આધિન અરજદારને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો::</u>**

૧) અરજદાર /આરોપીએ સદર મુદામાલ વાહન કોર્ટ જયારે અને જયાં ફરમાવે ત્યારે અને ત્યાં તે સ્થીતીમાં રજુ કરવાનુ રહેશે.

૨) અરજદાર/આરોપીએ સદરહુ મુદામાલ વાહન કેસના આખર નિકાલ થતા સુધી કોઇને વેચાણ, ગીરો, ટ્રાન્સફર કે કોઇ રીતે હસ્તાંતર કરવુ નહી કે તેની સ્થીતીમાં કોઇ ફેરફાર કરવો નહી.

૩) તપાસ કરનાર અમલદારે મુદામાલ વાહનના અરજદારના સ્વખર્ચે જુદા–જુદા ચાર એંગલથી ફોટોગ્રાફ પડાવી રેકર્ડમાં સામેલ રાખવા.

૪) સદરહુ મુદામાલનો કોઈ ગેરકાયદેસર પ્રવૃતિમાં ઉપયોગ કરવો–કરાવવો નહી.

– અરજદારે જામીન સંબંધિત પોલીસ સ્ટેશન સમક્ષ રજુ કરવા.

– આ હુકમની જરૂરી યાદી સંબંધિત પોલીસ સ્ટેશનને હુકમની નકલ સાથે કરવી.

હુકમ, આજ તારીખઃ ૧૬મી માહેઃ જુન, સનેઃ ૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૬/૦૬/૨૦૨૬
સ્થળઃ રાજકોટ.

(**વિજયસિંહ અભેસિંહ રાણા**)
સ્પે. જજ (પોકસો) કોર્ટ અને
એડીશનલ સેશન્સ જજ,
રાજકોટ.

//V *VK*//

(**UID:GJ01510**)